જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૯/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૮૦૯/૧૫

## રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી તેઓની નજર ચુકવી ચોરી કરતી ગેંગના સાગરીત આરોપીને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ”

અમદાવાદ શહેર માં મિલ્કત વિરુધ્ધના બનતા ગુન્હાઓ શોધી કાઢવા સારું નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓના માર્ગદર્શન મુજબ પોલીસ સબ ઈન્સપેકટર શ્રી જે.એન.ઝાલા તથા પો.સ.ઈ.શ્રી એચ.પી.કરેણ તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન જમાલપુર ચાર રસ્તા ખાતે આવતા અ.હે.કો. હર્ષદભાઈ વિરમભાઈ નાઓને મળેલ બાતમી આધારે મેલાભાઈ ઉર્ફે મેલિયો પ્રહલાદભાઈ વાંસફોડીયા રહેવાસી દહેગામ તા.દહેગામ જીલ્લોઃ ગાંધીનગરનો ઝડપી લઈ પુછપરછ કરતા દોઢેક માસ ખેડબ્રહ્મા વિસ્તારમાં રીક્ષામાં પેસેંજર બેસાડી પેસેંજરની બેગમાંથી રૂ.૫૦,૦૦૦/-ની ચોરી કરેલાનું જણાવેલ જે બાબતે તપાસ કરતા ખેડબ્રહ્મા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૩/૨૦૧૫ ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે જે ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી ને પકડી ગુનાનો ભેદ ઉકેલેલ છે.

પકડાયેલ આરોપી અગાઉ છેલ્લા બે વર્ષમાં ઓઢવ, ચાંદખેડા, સાબરમતી, નારણપુરા, રાણીપ, સેટેલાઈટ, અને ગાંધીનગર જીલ્લામાં આવા જ પ્રકારની ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે અને એક વખત રાજકોટ ખાતે પાસા પણ ભોગવેલાની હકીકત જણાવે છે તેમજ ખેડા નડીઆદ વિગેરે વિસ્તારમાં આવા પ્રકારની ચોરી કરેલ હોવાની શકયતા છે. જેઓની વધુ તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)